# LAW

Name & Signature of the Invigilator

.......................................................

.......................................................

**PAPER – II**

**CODE-16**

OMR Answer Sheet No. : | | | | | | |

Roll No. : | | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ......................................

.............................................................

| Question Booklet Sl. No. |
|---|
| 160246 |

**Time : 2 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example**: (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEA

DO NOT WRITE HERE

# LAW

## Paper – II

1. Who defined law as a command of the sovereign backed by sanction ?

   (A) H. L. A. Hart

   (B) John Austin

   (C) Ronald

   (D) Roscoe Pound

2. The Pure Theory of Law was propounded by

   (A) John Austin

   (B) Roscoe Pound

   (C) Hans Kelson

   (D) Rudolf Stamler

3. In which of the famous case was the conflict between law and morality prominently discussed ?

   (A) Donoghue v Stevenson

   (B) Riggs v Palmer

   (C) Carlill v Carbolic Smoke Ball Co.

   (D) R v Dudley and Stephens

1. નીચેના પૈકી કોના દ્વારા કાયદાને સાર્વભૌમ સત્તાનો આદેશ કે જે અમલીકરણ ધરાવે છે તે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો ?

   (A) એચ. એલ. એ. હાર્ટ

   (B) જ્હોન ઓસ્ટિન

   (C) રોનાલ્ડ

   (D) રોસ્કો પાઉન્ડ

2. કાયદાની શુદ્ધ વિચારસરણી નીચેના પૈકી કોના દ્વારા પ્રતિપાદિત કરવામાં આવી હતી ?

   (A) જ્હોન ઓસ્ટિન

   (B) રોસ્કો પાઉન્ડ

   (C) હાન્સ કેલ્સન

   (D) રુડોલ્ફ સ્ટેમલર

3. નીચે દર્શાવ્યા પૈકીના ક્યા પ્રસિદ્ધ કેસમાં કાયદો અને નૈતિકતા વચ્ચેનો વિવાદ મુખ્યત્વે ચર્ચા કરવામાં આવેલો ?

   (A) ડોનોગ વિરુદ્ધ સ્ટીવન્સન

   (B) રીગ્સ વિરુદ્ધ પલ્મેર

   (C) કાર્લિલ વિરુદ્ધ કાર્બોલિક સ્મોક બોલ કંપની.

   (D) આર. વિરુદ્ધ ડડલી એન્ડ સ્ટીફન્સ

4. Read the Assertion (A) and Reason (R) and give the correct answer from the codes given below.

**Assertion (A)** : Post modernisation rejects legal narratives.

**Reason (R)** : It emphasises contractual, fragmented and logical understanding of law.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true, but (R) is not the correct explanation of (A)

(C) (A) is true, but (R) is false

(D) (A) is false, but (R) is true

5. In jurisprudence, possession primarily include which of the following element ?

(A) Corpus and animus

(B) Title and tenure

(C) Ownership and use

(D) Will and consent

4. નીચે આપેલ હકારાત્મક વિધાન (A) અને કારણ (R) ને વાંચો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી આપો.

**હકારાત્મક વિધાન (A)** : આધુનિકતાવાદની પરિસ્થિતિ કાયદાના વર્ણનને નકારે છે.

**કારણ (R)** : તે કાયદાની કરારજન્ય ખંડિત અને તાર્કિક સમજણ ઉપર ભાર મુકે છે.

(A) બન્ને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજુતિ છે

(B) બન્ને (A) અને (R) સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજુતિ નથી

(C) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

5. વિધિશાસ્ત્રમાં મુખ્યત્વે કબજાહક્કમાં નીચે દર્શાવ્યા પૈકીનું કયું તત્વ સમાવિષ્ટ થાય છે ?

(A) શારીરિક આધિપત્ય અને કબજો ધારણ કરવાની વૃતિ

(B) માલિકી હક્ક અને સમયગાળો

(C) માલિકી હક્ક અને વપરાશ

(D) ઈચ્છા અને સંમતિ

6. Match List – I with List – II and select the correct answer using the codes given below.

| List – I (Concept) | List – II (Definition) |
|---|---|
| a. Ownership | i. Austin |
| b. Possession | ii. Ihering |
| c. Property | iii. Bentham |
| d. Rights | iv. Solomond |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | iii | iv | ii |
| (B) | iv | ii | iii | i |
| (C) | ii | iii | i | iv |
| (D) | iii | ii | iv | i |

7. Read the Assertion (A) and Reason (R) and give the correct answer from the codes given below.

**Assertion (A)** : Customs are not relevant in the modern legal system.

**Reason (R)** : Legislation has replaced the need for custom entirely.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true, but (R) is not the correct explanation of (A)

(C) (A) is true, but (R) is false

(D) (A) is false, but (R) is true

6. નીચે આપેલ યાદી – I ને યાદી – II સાથે મેળવો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી પસંદ કરો.

| યાદી – I (ખ્યાલ) | યાદી – II (વ્યાખ્યાઓ) |
|---|---|
| a. માલિકી હક્ક | i. ઓસ્ટિન |
| b. કબજા હક્ક | ii. ઇહેરીંગ |
| c. મિલકત | iii. બેન્થામ |
| d. અધિકારો | iv. સામડ |

વિકલ્પો :

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | iii | iv | ii |
| (B) | iv | ii | iii | i |
| (C) | ii | iii | i | iv |
| (D) | iii | ii | iv | i |

7. નીચે આપેલ હકારાત્મક વિધાન (A) અને કારણ (R) ને વાંચો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી આપો.

હકારાત્મક વિધાન **(A)** : આધુનિક કાનૂની પદ્ધતિમાં રૂઢી પ્રાસંગિક નથી.

કારણ **(R)** : વિધિ વિધાન દ્વારા રૂઢિની આવશ્યકતા સંપૂર્ણપણે બદલાઈ ગયેલ છે.

વિકલ્પો :

(A) બન્ને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજુતિ છે

(B) બન્ને (A) અને (R) સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજુતિ નથી

(C) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

**8.** Match List – I with List – II and select the correct answer using the codes given below.

| List – I | List – II |
|---|---|
| a. Legal Services Authority | i. Alternative Dispute Resolution |
| b. MNREGA | ii. Social Justice |
| c. Lok Adalat | iii. Right to Employment |
| d. Public Interest Litigation | iv. Free legal aid |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | i | ii |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iv | iii | i |
| (D) | iv | i | ii | iii |

**9.** Which of the following entities is considered a legal person under Modern Jurisprudence ?

(A) River

(B) A deceased person

(C) A unborn child

(D) A sovereign state

**8.** નીચે આપેલ યાદી – I ને યાદી – II સાથે મેળવો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી શોધો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. કાનૂની સેવા સત્તામંડળ | i. વૈકલ્પિક તકરાર નિવારણ |
| b. મનરેગા | ii. સામાજીક ન્યાય |
| c. લોક અદાલત | iii. રોજગારીનો અધિકાર |
| d. એટરે હિત યાચિકા | iv. નિ:શુલ્ક કાનૂની સહાય |

વિકલ્પો :

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | i | ii |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iv | iii | i |
| (D) | iv | i | ii | iii |

**9.** આધુનિક વિધિશાસ્ત્રમાં નીચે દર્શાવ્યા પૈકીની કઈ સંસ્થાઓ કાયદેસરનું વ્યક્તિત્વ ધરાવે છે ?

(A) નદી

(B) મૃત વ્યક્તિ

(C) ગર્ભમાં રહેલ બાળક

(D) સાર્વભૌમ રાજ્ય

10. The idea of cosmopolitan justice is primarily associated with

(A) Amartya Sen

(B) Thomas Pogge

(C) John Finnis

(D) Joseph Raz

11. Which Amendment of the Indian Constitution has abolished the nomination of Anglo Indians to the Lok Sabha and Legislative Assemblies ?

(A) 102nd Amendment Act

(B) 86th Amendment Act

(C) 104th Amendment Act

(D) 99th Amendment Act

12. In which of the following cases, the transgenders are recognised as third gender ?

(A) Navtej Singh Johar Vs. Union of India

(B) Gian Kaur Vs. State of Punjab

(C) Sarla Mudgal Vs. Union of India

(D) NALSA Vs. Union of India

10. વિશ્વવાદી ન્યાયનો ખ્યાલ પ્રાથમિક રીતે કોની સાથે સંકળાયેલો છે ?

(A) અમરત્ય સેન

(B) થોમસ પોગ

(C) જ્હોન ફીનીસ

(D) જોસેફ રાઝ

11. ભારતીય બંધારણમાં નીચે દર્શાવ્યા પૈકીના ક્યા સુધારા દ્વારા લોકસભા અને વિધાન સભાઓમાં આંગ્લ ભારતીય વ્યક્તિઓનું નામાંકન નાબુદ કરવામાં આવેલ છે ?

(A) 102 મો સુધારા કાયદો

(B) 86 મો સુધારા કાયદો

(C) 104 મો સુધારા કાયદો

(D) 99 મો સુધારા કાયદો

12. નીચે દર્શાવ્યા પૈકીના ક્યા કેસમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને ત્રીજી જાતિ તરીકે ઓળખવામાં આવેલ છે ?

(A) નવતેજ સિંહ જોહર વિરુદ્ધ ભારત સંઘ

(B) ગ્યાન કૌર વિરુદ્ધ પંજાબ રાજ્ય

(C) સરલા મુદગલ વિરુદ્ધ ભારત સંઘ

(D) નાલસા વિરુદ્ધ ભારત સંઘ

13. In Supriyo Vs. Union of India, a Constitution Bench of the Supreme Court held

(A) Right to Property is not a Fundamental Right

(B) Right to Marry is not a Fundamental Right

(C) Right to Marry is not a Fundamental Right but Right to Recognition of Civil Union is a Fundamental Right

(D) Right to Property is a Fundamental Right

14. Who amongst the following shall have the right to speak in both the Houses of Parliament ?

(A) Attorney General of India

(B) Advocate General of India

(C) Advocate General of State

(D) Solicitor General of India

15. An ordinary bill is generally circulated on website for the purpose of inviting the public opinion on it during which of the following stage ?

(A) Before first reading

(B) After first reading

(C) After second reading

(D) After third reading

13. સુપ્રિયો વિરુદ્ધ ભારત સંઘના કેસમાં સર્વોચ્ચ અદાલતની બંધારણીય ખંડપીઠ દ્વારા એવું ઠરાવવમાં આવ્યું કે ....

(A) મિલકર ધારણ કરાવતો અધિકાર એ મૂળભૂત અધિકાર નથી.

(B) પરણવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર નથી.

(C) પરણવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર નથી પરંતુ દીવાની મિલનને માન્યતા પ્રાપ્ત થવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે.

(D) મિલકત ધારણ કરવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે.

14. નીચે દર્શાવેલ પૈકી કોની પાસે સંસદમાં બન્ને ગૃહોમાં બોલવાનો અધિકાર રહેશે.

(A) ભારતના એટર્ની જનરલ

(B) ભારતના એડવોકેટ જનરલ

(C) રાજ્યના એડવોકેટ જનરલ

(D) ભારતના સોલીસીટર જનરલ

15. નીચે દર્શાવ્યા પૈકીના ક્યા તબક્કાએ સામાન્ય ખરડો જાહેર જનતા પાસેથી તેમના અભિપ્રાય આમંત્રિત કરવા માટે સામાન્ય રીતે વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવે છે ?

(A) પ્રથમ વાંચન પહેલા

(B) પ્રથમ વાંચન પછી

(C) દ્વિતીય વાંચન પછી

(D) તૃતીય વાંચન પછી

**16.** Which of the following is not a ground for imposing reasonable restriction on freedom of speech under Article 19(2) of the Constitution of India ?

(A) Public order

(B) Defamation

(C) Economic policy

(D) Contempt of court

**17.** The 91st Constitutional Amendment Act limits the size of the Council of Ministers to what percentage of Lok Sabha ?

(A) 10% (B) 15%

(C) 20% (D) 25%

**18.** Administrative law primarily does not concern itself with which of the following official functions ?

(A) Rule making

(B) Rule application

(C) Quasi judicial function

(D) Private law

**19.** In which of the following cases, the Supreme Court held necessary to apply principle of Natural Justice in administrative functions in order to prevent the miscarriage of justice ?

(A) Bandhua Mukti Morcha Vs. Union of India

(B) Vishakha Vs. State of Rajasthan

(C) A. K. Kraipak Vs. Union of India

(D) M. C. Mehta Vs. Union of India

**16.** ભારતના બંધારણ અનુચ્છેદ 19 (2) હેઠળ વાણીસ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા ઉપર નીચેના પૈકીના ક્યા કારણસર વાજબી નિયંત્રણ ન મૂકી શકાય?

(A) જાહેર વ્યવસ્થા

(B) બદનક્ષી

(C) આર્થિક નીતિ

(D) અદાલતનો તિરસ્કાર

**17.** ભારતમાં બંધારણનો 91 મો સુધારો કાયદો મંત્રી મંડળનું કદ લોકસભાના કેટલા ટકા સુધી મર્યાદિત કરે છે ?

(A) 10% (B) 15%

(C) 20% (D) 25%

**18.** વહિવટી કાયદો પ્રાથમિક રીતે નીચે જણાવ્યા પૈકીના ક્યાં અધિકૃત કાર્યો પરત્વે સંબંધિત બનતો નથી ?

(A) નિયમોનું ઘડતર

(B) નિયમોનું અમલીકરણ

(C) અર્ધ-ન્યાયિક કાર્યો

(D) ખાનગી કાયદો

**19.** નીચે દર્શાવ્યા પૈકીના ક્યા કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ન્યાયની કસુવાવડની પરિસ્થિતિનાં નિવારણ માટે વહીવટી કાર્યોમાં પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોને લાગુ પડવાની જરૂરિયાત અંગે ઠરાવ્યું ?

(A) બંધુઆ મુક્તિ મોરચા વિરુદ્ધ ભારત સંઘ

(B) વિશાખા વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય

(C) એ.કે. ક્રાઇપક વિરુદ્ધ ભારત સંઘ

(D) એમ. સી. મહેતા વિરુદ્ધ ભારત સંઘ

20. A writ of Mandamus may be issued on the ground of

(A) Disregard to public or common law duty

(B) Lack of jurisdiction

(C) Error apparent on the face of record

(D) Breach of natural justice

21. According to whom, the binding force of International Law is based on the principle of "Pacta Sunt Servanda" ?

(A) Kelsen (B) Anzilotti

(C) Gray (D) Bentham

22. Which of the following is NOT the official language of United Nations Organization ?

(A) Arabic

(B) Chinese

(C) Japanese

(D) Spanish

23. Who conceived the idea of codification of the International Law ?

(A) Austin

(B) Bentham

(C) Holland

(D) Starke

20. પરમાદેશનું આજ્ઞાપાત્ર નીચે પૈકીના ક્યા કારણોસર જારી કરી શકાય ?

(A) જનતા પ્રત્યે અથવા સામાન્ય કાયદાકીય ફરજ પ્રત્યે ઉપેક્ષા

(B) હકુમતની કમી

(C) પ્રત્યક્ષ રેકર્ડ પરત્વે દેખાતી ભૂલ

(D) પ્રાકૃતિક ન્યાયનો ભંગ

21. નીચે દર્શાવ્યા પૈકી કોના દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદાની બંધનકારકતા 'પકેટા સુન્ટ સર્વેન્ડા' નાં સિદ્ધાંત ઉપર આધારિત છે તેમ દર્શાવ્યું છે ?

(A) કેલ્સન (B) એન્ઝિલોટટી

(C) ગ્રે (D) બેન્થામ

22. નીચે દર્શાવ્યા પૈકીની કઈ ભાષા વિશ્વ રાષ્ટ્રોની સંસ્થાની અધિકૃત ભાષા નથી ?

(A) અરબી

(B) ચાઇનીઝ

(C) જાપાનીઝ

(D) સ્પેનિશ

23. આંતરરાષ્ટ્રીય કાયદાના સંહિતાકરણનો ખ્યાલ કોના દ્વારા રજુ કરવામાં આવ્યો ?

(A) ઓસ્ટિન

(B) બેન્થામ

(C) હોલાન્ડ

(D) સ્ટાર્ક

24. In which case, the court created 'legal personality' for International Organizations to sue and to be sued under the International Law ?

(A) Nicaragua v. United States of America

(B) North Sea Continental Shelf Case

(C) Reparation for injuries suffered in the services of the United Nations Case

(D) Barcelona Traction Case

25. Who said that international law can indeed be described as 'Law only by courtesy' ?

(A) Austin

(B) Starke

(C) Fenwick

(D) Holland

26. Affirmative votes of how many members shall be required under Article 27 the United Nations Charter on decisions of the Security Council on Procedural matters ?

(A) Five

(B) Seven

(C) Nine

(D) Fifteen

24. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ નીચેના પૈકી ક્યા કેસમાં અદાલત દ્વારા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે દાવો કરી શકવા તેમજ દાવામાં પક્ષકાર બની શકવા માટે 'કાનૂની વ્યક્તિત્વ' ની રચના કરવામાં આવી ?

(A) નિકારાગુઆ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા

(B) નોર્થ સી કોન્ટિનેન્ટલ શેલ્ફ કેસ

(C) સંયુક્ત રાષ્ટ્રોની સેવામોમાં ઈજાઓ બદલ નુકશાની વખતના કેસમાં

(D) બાર્સેલોના ટ્રેકશન કેસ

25. આંતરરાષ્ટ્રીય કાયદો સાચા અર્થમાં શિષ્ઠાચારનો કાયદો તરીકે ગણી શકાય – આવું કોના દ્વારા કહેવામાં આવ્યું ?

(A) ઓસ્ટિન

(B) સ્ટાર્ક

(C) ફેનવિક

(D) હોલાન્ડ

26. સંયુક્ત રાષ્ટ્રોના ધારાધોરણોના અનુચ્છેદ 27 હેઠળ પ્રક્રિયાલક્ષી બાબતો અંગે સલામતિ સમિતિના નિર્ણયો કેટલા સભ્યોના હકારાત્મક મતો દ્વારા લેવામાં આવશે ?

(A) પાંચ

(B) સાત

(C) નવ

(D) પંદર

27. Which ANNEX in the LIST of ANNEXS in the agreement establishing the World Trade Organizations provides for "the understanding on Rules and Procedures Governing the Dispute Settlement ?

(A) Annex I

(B) Annex II

(C) Annex III

(D) Annex IV

28. ____________ may call the attention of the ____________ to situations, which are likely to endanger international peace and security.

(A) Security Council, General Assembly

(B) Security Council, Secretary General

(C) General Assembly, Security Council

(D) General Assembly, Secretary General

29. Which Article of Geneva Convention clearly states that application of Article 5 shall not affect the legal status of parties to the conflict ?

(A) Article 3(1)

(B) Article 3(2)

(C) Article 3(3)

(D) Article 3(4)

27. વિશ્વ વ્યાપાર સંસ્થાની સ્થાપના કરતા કરારો પૈકીના બિડાણોમાંથી નીચે આપેલુ કયું બિડાણ વિવાદોના નિરાકરણને લગતાં નીતિનિયમો અંગે સમજૂતી પૂરી પાડે છે ?

(A) બિડાણ I

(B) બિડાણ II

(C) બિડાણ III

(D) બિડાણ IV

28. _____ દ્વારા _____ નું ધ્યાન એવી પરિસ્થિતિ તરફ દોરી શકાશે કે જે પરિસ્થિતિઓ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને જોખમમાં મૂકી શકે તેમ હોય.

(A) સલામતી સમિતિ, સામાન્ય સભા

(B) સલામતી સમિતિ, સેક્રેટરી જનરલ

(C) સામાન્ય સભા, સલામતી સમિતિ

(D) સામાન્ય સભા, સેક્રેટરી જનરલ

29. જીનીવા સંમેલનના ક્યા અનુચ્છેદમાં એવું કહેવામાં આવેલ છે કે અનુચ્છેદ 5 નો અમલ વિવાદમાં રહેલ પક્ષકારોના કાયદેસરના દરજ્જાને અસર કરશે નહિ ?

(A) અનુચ્છેદ 3(1)

(B) અનુચ્છેદ 3(2)

(C) અનુચ્છેદ 3(3)

(D) અનુચ્છેદ 3(4)

30. Which of the following is incorrect ?

(A) International Humanitarian Law regulates relations between States, International Organizations and other subjects of International Law.

(B) International Humanitarian Law is a compromise between two principles namely humanity and military necessity.

(C) Jue ad bellum regulates the conduct of parties engaged in armed conflict.

(D) Henry Dunant played a vital role in emergence of contemporary International Humanitarian Law.

31. In which of the circumstance an inchoate instigation to commit a crime is said to be incomplete ?

(A) When the crime results through the conspiracy of another person

(B) When the purported crime is different from that of instigation

(C) When it is discharged in good faith

(D) None of the above

30. નીચે દર્શાવેલાં વિધાનો પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો રાષ્ટ્રો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય કાયદાના અન્ય વિષયો વચ્ચેના સંબંધોને નિયમિત કરે છે.

(B) આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો માનવતા તેમજ સૈન્યની આવશ્યકતા એ બે સિદ્ધાંતો વચ્ચેનું સમાધાન છે.

(C) જ્યુ એડ બેલમ સશસ્ત્ર વિવાદમાં પરોવાયેલાં પક્ષકારો ના વર્તનને નિયમિત કરે છે.

(D) હેનરી ડુનાટ દ્વારા સાંપ્રત આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનાં ઉદ્ભવ અને વિકાસ માટે મહત્વનો ભાગ ભજવવામાં આવ્યો હતો.

31. નીચે આપેલ પૈકી ક્યા સંજોગોમાં ગુનો કરવાની અપૂર્ણ ઉશ્કેરણી અપૂર્ણ રહેલી ગણવામાં આવશે ?

(A) જ્યારે કોઈ અન્ય વ્યક્તિનાં કાવતરાને આધારે ગુનો પરિણમ્યો હોય.

(B) જ્યારે કથિત ગુનો ઉશ્કેરણી કરાયેલ હોય તેવા ગુનાથી અલગ હોય.

(C) જ્યારે તે શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલ હોય.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

32. Which of the following provisions of the Bharatiya Nyaya Sanhita, 2023 provides that causing death of child in the mother's womb is not homicide ?

(A) Section 100, Explanation I

(B) Section 100, Explanation II

(C) Section 100, Explanation III

(D) Section 100, Explanation IV

33. 'A' holds 'Z' down and fraudulently takes 'Z's money and jewels from 'Z's clothes without 'Z's consent. Here 'A' has committed ________

(A) Theft

(B) Wrongful restrain

(C) Robbery

(D) Extortion by threat

34. In the year 2023, the Parliament repealed the Indian Penal Code 1860 and enacted the Bharatiya Nyaya Sanhita containing following Sections and Chapters

(A) 511 Sections and 24 Chapters

(B) 510 Sections and 20 Chapters

(C) 358 Sections and 20 Chapters

(D) 360 Sections and 22 Chapters

32. ભારતીય ન્યાય સંહિતા – 2023 ની નીચે દર્શાવ્યા પૈકીની કઈ જોગવાઈ પ્રમાણે માતાના ગર્ભમાં રહેલ બાળકનું મૃત્યુ નિપજાવવું એ મનુષ્ય વધ ગણાશે નહિ ?

(A) કલમ 100, સ્પષ્ટીકરણ I

(B) કલમ 100, સ્પષ્ટીકરણ II

(C) કલમ 100, સ્પષ્ટીકરણ III

(D) કલમ 100, સ્પષ્ટીકરણ IV

33. 'અ' , 'ઝ' ને પાડી દે છે અને છેતરપિંડી યુક્ત રીતે 'ઝ' ની સંમતિ વિના તેના કપડાંમાંથી તેના પૈસા અને દાગીના કાઢી લે છે. આ સંજોગોમાં 'અ' દ્વારા કયો ગુનો કર્યો ગણાય ?

(A) ચોરી

(B) ગેરકાયદેસર અટકાયત

(C) લૂંટ

(D) ધાકધમકીથી પડાવી લેવું

34. વર્ષ 2023 માં સંસદ દ્વારા ભારતીય દંડ સંહિતા 1860 ને રદ કરી ભારતીય ન્યાય સંહિતાની રચના કરાઈ, જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની કલમો તથા પ્રકરણો સમાવવામાં આવ્યા.

(A) 511 કલમો અને 24 પ્રકરણો

(B) 510 કલમો અને 20 પ્રકરણો

(C) 358 કલમો અને 20 પ્રકરણો

(D) 360 કલમો અને 22 પ્રકરણો

35. In which of the following cases Supreme Court held the view that, "death sentence as an alternative punishment for murder is not unreasonable and hence not violative of Articles 14, 19 and 21 of the Constitution" ?

(A) Bachan Singh Vs. State of Punjab

(B) Dalbir Singh Vs. State of Uttar Pradesh

(C) Jag Mohan Singh Vs. State of Uttar Pradesh

(D) Kuljeet Singh alis Ranga Vs. Union of India

36. According to the provision of Bharatiya Nyaya Sanhita 2023, which one of the following is not a punishable offence ?

(A) Preparing to wage war against the Government of India

(B) Preparing to commit dacoity or robbery

(C) Preparing to commit suicide

(D) Preparing to commit depredation on the territory of friendly State of the Government of India

35. નીચે દર્શાવ્યા પૈકીના ક્યાં કેસમાં માનવીય સર્વોચ્ચ અદાલત દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે "ખૂન માટે વૈકલ્પિક શિક્ષા તરીકે મૃત્યુદંડ ગેરવ્યાજબી નથી અને તેથી તે ભારતીય બંધારણના અનુચ્છેદ – 14, 19 અને 21 નો ભંગ કરતો નથી.

(A) બચ્ચનસિંઘ વિરુદ્ધ પંજાબ રાજ્ય

(B) દલબીર સિંઘ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય

(C) જગ મોહન સિંઘ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય

(D) કુલજીતસિંઘ ઉર્ફે રંગા વિરુદ્ધ ભારત સરકાર

36. ભારતીય ન્યાય સંહિતા 2023 ની જોગવાઈઓ અનુસાર નીચે જણાવ્યા પૈકીનો કયો ગુના સજાપાત્ર ગુનો નથી ?

(A) ભારત સરકાર વિરુદ્ધ યુદ્ધ અંગે તૈયારી કરવી

(B) લૂંટ અથવા ધાડ કરવા અંગે તૈયારી કરવી

(C) આત્મ હત્યા કરવા અંગે તૈયારી કરવી

(D) ભારત સરકાર સાથે મૈત્રીપૂર્ણ સંબંધો હોય તેવાં રાજ્યની સરહદ ઉપર લૂંટફાટ કરવાની તૈયારી કરવી.

37. Match List – I with List – II and select the correct answer using codes given below.

| List – I | List – II |
|---|---|
| a. Reformative theory | 1. Warning to all that are like-minded |
| b. Deterrent theory | 2. 'An eye for an eye' |
| c. Retributive theory | 3. Responsible and respectable citizen after release from jail |
| d. Preventive theory | 4. Disablement |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 1 | 3 | 4 | 2 |

38. Whoever has been previously convicted of an offence punishable under Section 64 to 70 of the Bharatiya Nyaya Sanhita and is subsequently convicted for an offence punishable under any of the said Section, shall be punishable with

(A) Rigorous imprisonment of 20 years which may be extended to life-imprisonment

(B) Rigorous imprisonment of 20 years and also with fine

(C) Imprisonment for life or with death

(D) Simple imprisonment upto 20 years

37. નીચે આપેલ યાદી – I અને યાદી – II સાથે સરખાવો અને વિકલ્પોમાંથી સાચા જવાબ આપો..

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. સુધારાલક્ષી વિચારસરણી | 1. એકસમાન વિચારસરણી ધરાવનારાઓને ચીમકી |
| b. ભયોત્પાદક વિચારસરણી | 2. 'જેવા સામે તેવા' નો ખ્યાલ |
| c. બદલાત્મક વિચારસરણી | 3. કેદમાંથી મુક્ત થયા બાદ જવાબદાર અને આદરણીય નાગરિક |
| d. નિવારક વિચારસરણી | 4. અસમર્થતા |

વિકલ્પો :

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 1 | 3 | 4 | 2 |

38. જો કોઈ વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ 64 થી 70 હેઠળના શિક્ષાપાત્ર ગુના પરત્વે અગાઉ ગુનેગાર ઠરાવાયેલ હોય અને ત્યારબાદ ફરી આમાંની કોઈપણ કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનામાં ગુનેગાર કરે તો તેને કેટલી સજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 20 વર્ષની સખત કેદની સજા કે જે આજીવન કેદની સજા સુધી વધારી શકાય.

(B) 20 વર્ષની સખત કેદની સજા તેમજ દંડ

(C) આજીવન કેદની સજા અથવા મૃત્યુદંડ

(D) 20 વર્ષના સમયગાળા સુધી સાદી કેદની સજા

39. Match List – I with List – II and select the correct answer using codes given below.

| | List – I | | List – II |
|---|---|---|---|
| a. | Dishonestly taking property | 1. | Criminal breach of trust |
| b. | Dishonestly inducing any person to deliver property | 2. | Extortion |
| c. | Entrustment of property | 3. | Misappropriation |
| d. | Appropriating property obtained as bailee | 4. | Theft |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 2 | 1 | 4 |

40. S invites T for a dinner in his house. While S was in his kitchen for preparation of food, T found a diamond watch on the table. She picked the watch and placed it behind the curtain of window of that room with intention of dishonestly taking it away after sometime. In this circumstances what offence may be said to be committed by T ?

(A) No offence

(B) Attempt to commit theft

(C) Criminal misappropriation of property

(D) Theft

39. નીચે આપેલપૈકી યાદી – I ને યાદી – II સાથે સરખાવો અને નીચેના વિકલ્પો પૈકી સાચો જવાબ આપો.

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | અપ્રમાણિક રીતે મિલકત પ્રાપ્ત કરવી | 1. | ગુનાઈત વિશ્વાસ ભંગ |
| b. | અપ્રમાણિકતાથી અન્ય વ્યક્તિને મિલકત હસ્તાંતર કરવા પ્રેરવું. | 2. | બળજબરીથી કઢાવવું |
| c. | મિલકતની સોંપણી | 3. | ઉચાપત |
| d. | બદલી તરીકે પ્રાપ્ત કરેલ મિલકતનો વિનિયોગ | 4. | ચોરી |

વિકલ્પો :

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 2 | 1 | 4 |

40. S દ્વારા T ને પોતાના ઘરે રાત્રિભોજન માટે નિમંત્રણ આપવામાં આવે છે. જ્યારે S રસોડામાં ભોજન સામગ્રી બનાવી રહ્યો હતો ત્યારે T ને ટેબલ ઉપર હીરાજડિત ઘડિયાળ દેખાય છે. તેણી તે ઘડિયાળને ઉઠાવે છે અને તે રૂમની બારીના પડદા પાછળ સંતાડીને મૂકી દે છે જેથી કરી તે ઘડિયાળ પછી થી તેણી લઇ જઈ શકે. આ સંજોગોમાં T દ્વારા નીચે દર્શાવ્યા મુજબ કયો ગુનો કરેલ ગણાય ?

(A) કોઈ ગુનો નહિ

(B) ચોરીનો પ્રયત્ન

(C) મિલકતની ગુનાહિત ઉચાયત

(D) ચોરી

41. Vicarious liability is based on which of the following principles ?

(A) Res ipsa loquitur

(B) Strict liability

(C) Respondent superior

(D) Absolute liability

42. Identify the incorrect statement in relation to public and private nuisance.

(A) Public nuisance affects common public right, whereas private nuisance affects interest in the use of a land of a particular section of community.

(B) Public nuisance is a crime and private nuisance is not a crime.

(C) Once act committed, amounts to public nuisance but repetition may be required in private nuisance.

(D) Injury to person or property is important element in case of public or private nuisance.

43. The term 'Malfeasance' refers to

(A) Actual commission of an wrongful act

(B) Improper performance of an act

(C) Neglect to do the act what he ought to

(D) Failure to do the act

41. પરકૃત્યજન્ય જવાબદારી નીચે આપેલ પૈકીના કયા સિદ્ધાંત ઉપર આધારિત છે ?

(A) વસ્તુ સ્વયં બોલે છે

(B) ચુસ્ત જવાબદારી

(C) ઉપરી વ્યક્તિને જવાબદાર

(D) સંપૂર્ણ જવાબદારી.

42. જાહેર અને ખાનગી ઉપદ્રવ અંગે નીચે આપેલાં વિધાનો પૈકી ખોટું વિધાન ઓળખી બતાવો.

(A) જાહેર ઉપદ્રવ દ્વારા સામાન્ય જનતાના અધિકારોને અસર થાય છે જ્યારે ખાનગી ઉપદ્રવ દ્વારા સમાજના કોઈ ચોક્કસ વિભાગના વ્યક્તિઓની જમીનના ઉપયોગ પરના હિતને અસર થાય છે.

(B) જાહેર ઉપદ્રવ એ ગુનો છે જ્યારે ખાનગી ઉપદ્રવ ગુનો નથી.

(C) એક વખત કરવામાં આવેલું કૃત્ય જાહેર ઉપદ્રવ ગણાય પરંતુ ખાનગી ઉપદ્રવમાં પુનરાવર્તન થવું જરૂરી ગણાય.

(D) જાહેર કે ખાનગી ઉપદ્રવના સંજોગોમાં કોઈ વ્યક્તિ કે મિલકતને નુકશાન એ જરૂરી લક્ષણ છે.

43. 'દુષ્કર્મ' શબ્દનો અર્થ નીચેના પૈકી કયો થાય ?

(A) કોઈ ખોટાં કૃત્યને હકીકતમાં કરવું

(B) કોઈ કૃત્યનું અયોગ્ય રીતે પાલન કરવું

(C) જે કૃત્ય કરવું જોઈએ તે કૃત્ય કરવામાં બેદરકારી રાખવી.

(D) કૃત્ય કરવમાં નિષ્ફળ જવું.

44. The principle of foreseeability and proximity was laid down in the case of

(A) Donoghue Vs. Stevenson

(B) Ashby Vs. White

(C) Winter bottom Vs. Wright

(D) Rylands Vs. Fletcher

45. Tort implies a twisted or tortious

(A) Conduct (B) Volition

(C) Consent (D) Deterrence

46. Identify the incorrect statement.

(A) Libel is a written defamation and slander is spoken defamation

(B) Speaker is not innocent in slander

(C) Libel and slander both are civil wrong only

(D) Libel is in permanent form whereas slander is transitory

47. 'Negligence is culpable carelessness'. This viewpoint was expressed by

(A) Pollock (B) Halsbury

(C) Salmond (D) Winfield

44. નીચે આપેલાં પૈકીનાં કયા કેસમાં પૂર્વાનુમાન તેમજ સમીપતા અંગેના સિદ્ધાંતો ઠરાવવામાં આવેલા હતાં ?

(A) ડોનોગ વિરુદ્ધ સ્ટીવન્સન

(B) એશ્બી વિરુદ્ધ વ્હાઈટ

(C) વિન્ટરબોટોમ વિરુદ્ધ રાઈટ

(D) રેલેન્ડ વિરુદ્ધ ફ્લેચર

45. અપકૃત્ય શબ્દમાં કોઈ વિકૃત અથવા અપકૃત્ય જનક ______ નો સમાવેશ થાય છે.

(A) કૃત્ય (B) ભંગ

(C) સંમતિ (D) ભય

46. નીચે આપેલા વિધાનોમાંથી ખોટા વિધાનો ઓળખો.

(A) અપલેખન એ લેખિતમાં કરાયેલી બદનક્ષી છે અને અપવચન મૌખિક રીતે કરાવેલ બદનક્ષી છે.

(B) અપવચનમાં બોલનાર નિર્દોષ હોતો નથી.

(C) અપલેખન અને અપવચન બન્ને દીવાની ખોટાં કૃત્યો જ છે.

(D) અપલેખન કાયમી સ્વરૂપમાં હોય છે જ્યારે અપવચન કામચલાઉ સ્વરૂપમાં હોય છે.

47. 'ઉપેક્ષા એ સાપરાધ બેદરકારી છે.' આવો મત કોના દ્વારા રજુ કરવામાં આવ્યો હતો ?

(A) પોલોક (B) હાલ્સબરી

(C) સામંડ (D) વિનફિલ્ડ

48. Match the following list of cases with the list of Judicial Pronouncements in respect of the Competition Act, 2002.

| List – I | List – II |
|---|---|
| 1. Coal India Limited v. Competition Commission of India | a. Transactions exempt from merger review cannot be examined under the provisions concerning anti competitive agreements or abuse of dominance. |
| 2. Umar Javed v. Google Inc. | b. Competition Act is applicable in state owned monopolies. |
| 3. Consumer Unity and Trust Society v. Competition Commission of India | c. Penalty of Rs. 1337.73 Crore on google for abuse of dominant position in various markets of Android Mobile Devices. |
| 4. XYZ (Confidential) v. Alphabet Inc. | d. Penalty of Rs. 936.44 Crore on google for violating Section (4) of the Act. |

**Codes :**

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(B) 1 – b, 2 – c, 3 – a, 4 – d
(C) 1 – d, 2 – a, 3 – c, 4 – b
(D) 1 – c, 2 – d, 3 – b, 4 – a

48. પ્રતિસ્પર્ધી અધિનિયમ, 2002 પરત્વેના નીચે આપલે ન્યાયિક નિર્ણયોની યાદીને તેના કેસોની યાદી સામે સરખાવો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| 1. કોલ ઇન્ડિયા લિમિટેડ વિરુદ્ધ પ્રતિસ્પર્ધા આયોગ. | a. જોડાણ પુનર્વિચાર માંથી બકાત રાખેલા વ્યવહારોને સ્પર્ધા વિરુદ્ધના કરારો કે વર્ચસ્વ ધરાવરી સ્થિતિનાં દુરઉપયોગની જોગવાઈઓ હેઠળ તપાસી શકાય નહિ. |
| 2. ઉમર જાવેદ વિરુદ્ધ ગુગલ આઈ. એન. સી. | b. પ્રતિસ્પર્ધા અધિનિયમ રાજ્ય દ્વારા માલિકી ધરાવતી ઈજારાશાહીને લાગુ પડે છે. |
| 3. ગ્રાહક એકતા અને ટ્રસ્ટ સોસાયટી વિરુદ્ધ પ્રતિસ્પર્ધા આયોગ. | c. ગુગલને એન્ડ્રોઇડ મોબાઈલ ડીવાઈસનાં વિવિધ બજારોમાં વર્ચસ્વ ધરાવતી સ્થિતિનાં દુરુપયોગ બદલ રૂ. 1337.73 કરોડનો દંડ |
| 4. એક્સ. વાય. ઝેડ (કોન્ફીડેનીસયલ) વિરુદ્ધ આલ્ફાબેટ આઈ. એન. સી. | d. ગુગલને અધિનિયમની કલમ (4) નાં ભંગ બદલ ₹ 936.44 કરોડનો દંડ |

વિકલ્પો :

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(B) 1 – b, 2 – c, 3 – a, 4 – d
(C) 1 – d, 2 – a, 3 – c, 4 – b
(D) 1 – c, 2 – d, 3 – b, 4 – a

49. Match the following in the light of the Consumer Protection Act, 1986.

| List – I (Legal Provisions) | List – II (Contents) |
|---|---|
| a. Section 2(1) (b) | 1. Definition of Consumer |
| b. Section 2(1) (d) | 2. Definition of Deficiency |
| c. Section 2(1) (g) | 3. Definition of Unfair Trade Practice |
| d. Section 2(1) (r) | 4. Definition of Complainant |

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 4, b – 1, c – 2, d – 3
(C) a – 3, b – 4, c – 1, d – 2
(D) a – 2, b – 3, c – 4, d – 1

50. Under the provisions of the Motor Vehicles Act, 1988 (As Amended in the year 2019), what is the punishment for driving a vehicle by a drunken person or by a person under the influence of drugs ?

(A) Imprisonment for the term of 6 months and fine for Rs. 10,000/- or both
(B) Imprisonment for the term of 8 months and fine for Rs. 15,000/- or both
(C) Imprisonment for the term of 3 months and fine for Rs. 10,000/- only
(D) Imprisonment for the term of 6 months and fine for Rs. 20,000/- or both

49. ગ્રાહક સુરક્ષા અધિનિયમ 1986 નાં સંદર્ભમાં નીચે આપેલાં જોડકાં જોડો.

| યાદી – I (કાનૂની જોગવાઈઓ) | યાદી – II (વિગતો) |
|---|---|
| a. કલમ 2(1) (બી) | 1. ગ્રાહકની વ્યાખ્યા |
| b. કલમ 2(1) (ડી) | 2. 'ઉણપ' ની વ્યાખ્યા |
| c. કલમ 2(1) (જી) | 3. ગેરવ્યાજબી વેપારી રીતસરની વ્યાખ્યા |
| d. કલમ 2(1) (આર) | 4. ફરિયાદી ની વ્યાખ્યા |

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 4, b – 1, c – 2, d – 3
(C) a – 3, b – 4, c – 1, d – 2
(D) a – 2, b – 3, c – 4, d – 1

50. મોટર વાહન અધિનિયમ 1988 (2019 ના વર્ષમાં સુધારેલો) હેઠળ કોઈ નશો કરેલ અથવા કેફી દ્રવ્યોનું સેવન કરેલ હોય તેવા વ્યક્તિ દ્વારા વાહન ચલાવવા બદલ કેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) 6 માસની કેદ અથવા રૂ. 10,000/- નો દંડ અથવા બન્ને
(B) 8 માસની કેદ અથવા રૂ. 15,000/- નો દંડ અથવા બન્ને
(C) 3 માસની કેદ અથવા રૂ. 10,000/- નો દંડ માત્ર
(D) 6 માસની કેદ અથવા રૂ. 20,000/- નો દંડ અથવા બન્ને

51. In a standard form of contract which doctrine is used to protect weaker parties from unreasonable terms

(A) Privity of Contract

(B) Caveat Emptor

(C) Doctrine of Reasonableness

(D) Doctrine of Fundamental Breach

52. Which one of the following statements are true ? Answer using the codes given below.

i. An agent must be a major.

ii. An agent need not be competent to contract.

iii. A minor can be an agent, but in such condition he will not be responsible to the principal.

iv. No consideration is necessary to create an agency.

**Codes :**

(A) i, iii and iv are true

(B) only i is true

(C) only i and iv are true

(D) ii, iii and iv are true

53. In which one of the following situation is Quasi contract likely to arise ?

(A) Mutual agreement between parties

(B) Oral contract with consideration

(C) Legal obligation imposed by court despite no formal contract

(D) Breach of written agreement

51. કરારના પ્રમાણભૂત સ્વરૂપમાં નીચેના પૈકી ક્યા સિદ્ધાંતો ઉપયોગ નબળા પક્ષકારોને ગેરવ્યાજબી શરતો સામે રક્ષણ આપવા માટે કરવામાં આવે છે ?

(A) કરારના સંબંધનો

(B) ખરીદનાર સાવધાનનો

(C) વાજબીપણાનાં સિદ્ધાંતનો

(D) મૂળભૂત ભંગના સિદ્ધાંતનો

52. નીચે આપેલાં પૈકીનાં ક્યાં વિધાનો સાચાં છે? તમારો જવાબ નીચે આપેલ કોડનો ઉપયોગ કરી આપો.

i. એજન્ટ હંમેશા પુખ્તવયનો હોવો જોઈએ.

ii. એજન્ટ કરાર કરવા માટે સમર્થ હોવો જરૂરી નથી.

iii. સગીર એજન્ટ હોઈ શકે પરંતુ આવા સંજોગોમાં તે પ્રિન્સીપાલને જવાબદાર ગણશે નહિ.

iv. એજન્સી ની રચના સમયે કોઈજ અવેજ જરૂરી નથી.

વિકલ્પો :

(A) i, iii અને iv સાચાં છે.

(B) માત્ર i સાચું છે.

(C) માત્ર i અને iv સાચાં છે.

(D) ii, iii અને iv સાચાં છે.

53. નીચે દર્શાવ્યા પૈકીના ક્યા સંજોગોમાં આભાસી કરારની રચના થવી શક્ય છે ?

(A) પક્ષકારો વચ્ચે પારસ્પરિક કરાર

(B) અવેજ સહિતનો મૌખિક કરાર

(C) કોઈજ ઔપચારિક કરાર ન હોવા છતાં અદાલત દ્વારા લાગુ પાડવામાં આવેલ નૈતિક જવાબદારી

(D) લેખિત કરારનો ભંગ

54. In a contract of indemnity the liability of the indemnifier is

(A) Conditional on third party's breach

(B) Equal to the value of goods

(C) Limited to the contractual damage

(D) Absolute upon happening of a loss

55. Which one of the following is a key feature of the limited liability partnership but not a traditional partnership ?

(A) Joint ownership

(B) Mutual agency

(C) Separate legal entity

(D) Sharing of profits

56. In which one of the following situation the bailment is NOT considered as terminated ?

(A) Expiry of specific period

(B) Death of a bailor or bailee

(C) Fulfillment of an object

(D) Bailor's insolvency

57. A cheque becomes stale after

(A) 3 months from the date of issue

(B) 6 months from the date of issue

(C) 30 days from the date of issue

(D) One year from the date of issue

54. ક્ષતિપૂર્તિ ના કરારમાં ક્ષતિપૂર્તિ આપનારની જવાબદારી કેવી હોય છે ?

(A) ત્રાહિત પક્ષકારના ભંગનાં શરતે

(B) માલસામાનના મૂલ્યના સમાન

(C) કરારજન્ય નુકશાનીને માર્યાદિત

(D) નુકશાન થવા પર સંપૂર્ણ

55. નીચે દર્શાવ્યા પૈકીની કઈ મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીની લાક્ષણિકતા છે પરંતુ પરંપરાગત ભાગીદારી નથી ?

(A) સહ માલિકી

(B) પારસ્પરિક એજન્સી

(C) સ્વતંત્ર કાયદેસરનું અસ્તિત્વ

(D) નફાની વહેચણી

56. નીચે દર્શાવ્યા પૈકીની કઈ પરિસ્થતિમાં નિક્ષેપનો કરાર પૂર્ણ થયેલો ગણાશે નહિ ?

(A) કોઈ ચોક્કસ સમયગાળો પૂર્ણ થયેથી

(B) નિક્ષેપકર્તા અથવા નિક્ષેપગ્રહિતાનું મૃત્યુ થવાથી

(C) હેતુ પૂર્ણ થવાથી

(D) નિક્ષેપકર્તાની નાદારીથી

57. કોઈપણ 'ચેક' કેટલા સમય પછી નિરર્થક બને છે ?

(A) લખ્યા તારીખથી ત્રણ માસ પછી

(B) લખ્યા તારીખથી છ માસ પછી

(C) લખ્યા તારીખથી 30 દિવસ પછી

(D) લખ્યા તારીખથી એક વર્ષ પછી

58. Under the Companies Act 2013, which one of the following is not valid ground for disqualification of a Director ?

(A) Being of unsound mind

(B) Not attending the board meeting for 12 months

(C) Convicted for moral turpitude and sentenced for 5 months

(D) Being declared insolvent

59. Corporate Social Responsibility provisions are applicable to companies having

(A) Net worth of 100 crore or more

(B) Turnover of 500 crore or more

(C) Net profit of 5 crore or more

(D) Any of the above

60. Under the Companies Act 2013, which of the following statement is true about the Doctrine of Indoor Management ?

(A) Outsider dealing with the company are assumed to know its internal management.

(B) It protects the company against third parties acting in bad faith.

(C) It allows directors to override decision of shareholders.

(D) Outsiders dealing with the company can assume that internal procedures are properly followed.

58. કંપનીધારા 2013 હેઠળ નીચે દર્શાવ્યા પૈકીનું કયું નિર્દેશકની ગેરલાયકતા અંગે વાજબી કારણ ગણવામાં આવતું નથી ?

(A) અસ્થિર મગજના હોવું

(B) 12 માસ સુધી મંડળની સભામાં હાજર ન રહેવું.

(C) નૈતિક અધ:પતન માટે દોષિત ઠરવું અને 5 માસની સજા થવી.

(D) નાદાર જાહેર થવું.

59. નિગમિત સામાજિક જવાબદારીની જોગવાઈઓ કઇ કંપની-ઓને લાગુ પડે છે ?

(A) જેમની કુલ કિંમત રૂ. 100 કરોડ અથવા વધારે હોય.

(B) જેમનું વેચાણ રૂ. 500 કરોડ અથવા વધારે હોય.

(C) જેમનો ચોખ્ખો નફો રૂ. 5 કરોડ અથવા વધારે હોય.

(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ

60. કંપનીધારા 2013 હેઠળ આંતરિક વહીવટના સિદ્ધાંત માટે નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન સાચું છે ?

(A) કંપની સાથે વ્યવહાર કરનાર બહારના વ્યક્તિને કપનીના આંતરિક વ્યવસાયની જાણ હોવી જોઈએ.

(B) તે કંપનીને દુર્બુદ્ધિથી કાર્ય કરી રહેલ ત્રાહિત પક્ષકારોથી બચાવે છે.

(C) તે નિર્દેશકોને શેરધારકોના નિર્ણયોને ઉથલાવવા માટે પરવાનગી આપે છે.

(D) કંપની સાથે વ્યવહાર કરનાર બહારના વ્યક્તિઓ એવું ધરી શકે છે કે આંતરિક પ્રક્રિયાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે છે.

61. Which statement is not correct in case of muta marriage ?
(A) A muslim male can contract any number of muta marriages
(B) A women must be muslim, christian, jewish or fireworshipper
(C) Dower must be specified
(D) Spouses will have right of mutual inheritance

62. 'A' a Hindu unmarried male, adopts a son 'X' and thereafter A gets married to 'B', a hindu female. Then the relationship between 'B' and 'X' will be
(A) B will be adoptive mother of X
(B) B will be step mother of X
(C) B will be adoptive mother with the consent of A
(D) B will be adoptive mother with the court consent

63. Which of the following statements is not correct in relation to disqualification of a legal heir under Hindu Law ?
(A) Disease, deformity and unchastity are not disqualifications for a legal heir to inherit the property.
(B) Conversion of a legal heir is not a bar to succession.
(C) The legal heir is not entitled to inherit the property after conversion.
(D) Subsequent remarriage of deceased's widow is not a disqualification.

61. 'મુદ્દા' લગ્નનાં સંબંધમાં નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન ખરું નથી ?
(A) મુસ્લિમ પુરુષ કેટલી પણ સંખ્યામાં મુદ્દા લગ્ન કરી શકે.
(B) સ્ત્રી, મુસ્લિમ, ખ્રિસ્તી, યહુદી અથવા અગ્નિઉપાસક હોવી જોઈએ.
(C) મહરની રકમ ચોક્કસ હોવી જોઈએ.
(D) પતિ / પત્નીને પારસ્પરિક વારસાનો અધિકાર રહેશે.

62. 'અ' નામનો હિંદુ અવિવાહિત પુરુષ એક પુત્ર 'ક્ષ' ને દત્તક લે છે. ત્યારબાદ તે પુરુષ 'બ' નામની હિંદુ સ્ત્રી સાથે લગ્ન કરે છે. આ સંજોગોમાં 'બ' અને 'ક્ષ' વચ્ચેનો સંબંધ નીચેના પૈકી કયો સંબંધ ગણાય ?
(A) 'બ' એ 'ક્ષ' ની દત્તક લેનાર માતા ગણાય
(B) 'બ' એ 'ક્ષ' ની સાવકી માતા ગણાય
(C) 'બ' એ 'અ' ની સંમતિ પ્રાપ્ત થયા બાદ દત્તક લેનાર માતા ગણાય.
(D) 'બ' અદાલતની સંમતિ પ્રાપ્ત થયા બાદ દત્તક લેનાર માતા ગણાય.

63. નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન હિંદુ કાયદા હેઠળ કાનૂની વારસદારની ગેરલાયકાતના સંદર્ભમાં સાચું વિધાન નથી ?
(A) રોગ, વિકલાંગતા અને અસતિત્વ કાયદેસરના વારસદારો માટે મિલકત ધારણ કરવા અંગે ગેરલાયકાતો નથી.
(B) કાયદેસરના વારસદારો માટે ધર્માંતરણ એ કોઈ બાધ નથી.
(C) ધર્માંતરણ બાદ કાયદેસરનો વારસદાર મિલકતને ધારણ કરવા માટે હક્કદાર બનતો નથી.
(D) મૃતકની વિધવા દ્વારા કરવામાં આવતા પુન:લગ્ન કોઈ ગેરલાયકાત નથી.

**64.** Talaq Ahsan is

(A) Single pronouncement of talaq made during the period of tuhr

(B) Three pronouncements made during three successive tuhrs

(C) Irrevocable

(D) Can be revoked after the period of iddat

**65.** 'A' a hindu male dies intestate leaving behind his mother, father, son and predeceased daughter's son. The estate of deceased 'A' shall be inherited by

(A) Equally by mother, father, son and predeceased daughter's son

(B) Equal share by mother, father and son

(C) Equal share by mother, son and predeceased daughter's son

(D) Entire property will be inherited by son

**64.** તલાક અહસન એ છે

(A) તુહર નાં સમયગાળા દરમિયાન તલાક શબ્દનું એકવાર કરવામાં આવતું ઉચ્ચારણ.

(B) ત્રણ વાર ફરતી આવતા તુહરના સમયગાળા દમિયાન કરવામાં આવતું ત્રણવારનું ઉચ્ચારણ

(C) રદ ન થઇ શકે તેવું

(D) ઈદદતના સમયગાળા પછી રદ કરી શકાય તેવા પ્રકારનું.

**65.** 'અ' નામનો હિંદુ પુરુષ કોઈ જ વસિયતનામું બનાવ્યા સિવાય પોતાની પાછળ માતા, પિતા, પુત્ર અને અગાઉ ગુજરી ગયેલ પુત્રીનો પુત્ર છોડી મૃત્યુ પામે છે : આ વ્યક્તિની સંપતિ કોને વારસામાં પ્રાપ્ત થશે ?

(A) માતા, પિતા, પુત્ર અને અગાઉ ગુજરી ગયેલ પુત્રીના પુત્ર તમામને સરખે ભાગે

(B) માતા, પિતા અને પુત્ર દ્વારા સરખા ભાગે

(C) માતા, પુત્ર અને અગાઉ ગુજરી ગયેલ પુત્રીના પુત્ર દ્વારા સરખા ભાગે

(D) તમામ મિલકતો પુત્ર દ્વારા વારસામાં પ્રાપ્ત થશે.

66. If a Hindu wife was pregnant at the time of marriage by some other person other than whom she is getting married, then such marriage is

(A) Valid

(B) Void

(C) Voidable

(D) Void-ab-initio

67. A gift to a child in womb, under Muslim law is

(A) Valid if the child is born within six months of the date of making will

(B) Void

(C) Valid only if gift of movable property

(D) Voidable at the instance of mother

68. Which one of the following is NOT the modern source of Hindu law ?

(A) Custom

(B) Legislation

(C) Precedent

(D) Justice, equity and good conscience

66. જો લગ્ન સમયે કોઈ હિંદુ પત્ની જેની સાથે લગ્ન કરવા જઈ રહી હોય તે વ્યક્તિ સિવાયના અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ગર્ભવતી હોય તો આવા લગ્ન કેવા પ્રકારના ગણાશે ?

(A) યોગ્ય

(B) રદબાતલ

(C) રદબાતલ થવા યોગ્ય

(D) શરૂઆતથી જ રદબાતલ

67. મુસ્લિમ કાયદા અનુસાર ગર્ભમાં રહેલા બાળકને આપવામાં આવતી બક્ષિસ શું ગણાય ?

(A) જો વસિયત બનાવ્યાના છ માસના સમયગાળામાં બાળકનો જન્મ થાય તો યોગ્ય ગણાય.

(B) રદબાતલ

(C) જે જંગમ મિલકત બક્ષિસ હોય તો રદબાતલ ગણાય

(D) માતાની ઈચ્છાઅનુસાર રદબાતલ

68. નીચે દર્શાવ્યા પૈકીનો કયો હિંદુ કાયદાનો આધુનિક સ્રોત નથી ?

(A) રૂઢી

(B) કાયદો

(C) પૂર્વનિર્ણય

(D) ન્યાય, સમનીતિ અને શુદ્ધ ચેતના

69. Which of the following statements is not correct in relation to Mahr ?

(A) The husband may increase the amount of Mahr at any time after marriage

(B) The claim of the wife or widow for unpaid portion of dower is secured debt

(C) Prompt dower is payable immediately after the marriage if demanded by wife

(D) Deferred dower is payable after the dissolution of marriage

70. The need of Uniform Civil Code was discussed by the Hon'ble Supreme Court in the case of

(A) Bhagat Vs. Bhagat

(B) Bipinchandra Vs. Prabhavati

(C) Dastane Vs. Dastane

(D) Sarla Mudgal Vs. Union of India

71. Which one of the following best defines the term environment under the Environment Protection Act, 1986 ?

(A) Only living organizations and their interactions

(B) Water, air and soil only

(C) The interrelationship between water, air, land and human beings and other living beings

(D) Physical surroundings excluding human influence

69. નીચે આપેલાં વિધાનો પૈકીનું કયું વિધાન 'મહર' નાં સંબંધમાં સાચું વિધાન નથી ?

(A) પતિ દ્વારા લગ્નબાદ કોઈપણ સમયે મહર ની રકમમાં વધારા કરી શકાય.

(B) પત્ની અથવા વિધવા દ્વારા ચુકવવાની બાકી હોય તેવી મહરની રકમ પરનો દાવો સુરક્ષિત દેવું ગણાય.

(C) જો પત્ની દ્વારા માંગણી કરવામાં આવે તો શીઘ્ર મહર લગ્નબાદ તરત જ ચુકવવા પાત્ર થાય છે.

(D) સ્થગિત મહર લગ્ન વિચ્છેદ થયા બાદ ચુકવવા પાત્ર થાય છે.

70. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સમાન દીવાની સંહિતાની જરૂરિયાત અંગે નીચેના પૈકી ક્યા ચુકાદામાં ચર્ચા કરવામાં આવેલી ?

(A) ભગત વિરુદ્ધ ભગત

(B) બિપીનચંદ્ર વિરુદ્ધ પ્રભાવતી

(C) દાસ્તાન વિરુદ્ધ દાસ્તાન

(D) સરલા મુદગલ વિરુદ્ધ ભારત સંઘ

71. પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ 1986 હેઠળ નીચે પૈકી કઈ વ્યાખ્યા પર્યાવરણ શબ્દને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે ?

(A) માત્ર જીવંત સંસ્થાએ અને એની પારસ્પરિક ક્રિયાએ

(B) પાણી, હવા અને જમીન માત્ર

(C) પાણી, હવા, જમીન, મનુષ્યો અને અન્ય જીવો વચ્ચેનો આંતરસંબંધ

(D) મનુષ્યોની દખલગીરી સિવાયની આસપાસની ભૌતિક વસ્તુઓ

**72.** Match List – I containing International events with List – II containing outcomes and choose the right answer using the codes given below :

| **List – I** | **List – II** |
|---|---|
| a. Stockholm 1972 | i. Agenda |
| b. Rio 1992 | ii. Kyoto protocol |
| c. Kyoto 1997 | iii. Climate energy declaration |
| d. Paris 2015 | iv. Declaration on the Human Environment |

**Codes :**

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (A) | i | ii | iv | iii |
| (B) | iv | i | ii | iii |
| (C) | ii | iii | i | iv |
| (D) | iii | ii | iv | i |

**73.** The Public Trust Doctrine as applied in Environmental law was first elaborated in which landmark case ?

(A) Indian Council for Enviro-legal action V Union of India

(B) M.C. Mehta V Union of India (Ganga Pollution Case)

(C) Rural litigation and Entitlement Kendra V State of U.P.

(D) M.C. Mehta V Kamalnath

**72.** નીચે આપેલ યાદી – I ની આંતરરાષ્ટ્રીય ઘટનાઓને યાદી – II માં આપેલ પરિણામો સાથે સરખાવો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોનો ઉપયોગ કરી આપો.

| **યાદી – I** | **યાદી – II** |
|---|---|
| a. સ્ટોકહોમ 1972 | i. એજન્ડા |
| b. રિયો 1992 | ii. ક્યોટો પ્રોટોકોલ |
| c. ક્યોટો 1997 | iii. વાતાવરણ ઉર્જા અંગે ઢંઢેરો |
| d. પેરિસ 2015 | iv. મુખ્ય વાતાવરણ પરત્વેનો ઢંઢેરો |

**વિકલ્પો :**

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (A) | i | ii | iv | iii |
| (B) | iv | i | ii | iii |
| (C) | ii | iii | i | iv |
| (D) | iii | ii | iv | i |

**73.** પર્યાવરણલક્ષી કાયદામાં લાગુ પાડવામાં આવનાર જાહેર ટ્રસ્ટનો સિદ્ધાંત સૌપ્રથમ નીચે દર્શાવ્યા પૈકીના ક્યા કેસમાં ચર્ચવામાં આવેલો ?

(A) ઇન્ડિયન કાઉન્સિલ ફોર એન્વારો-લીગલ એક્શન વિરુદ્ધ ભારત સંઘ

(B) એમ. સી. મહેતા વિરુદ્ધ ભારત સંઘ (ગંગા પ્રદુષણ કેસ)

(C) રૂરલ લીટીગેશન એન્ડ એન્ટાઇટલમેન્ટ કેન્દ્ર વિરુદ્ધ ઉત્તરપ્રદેશ રાજ્ય

(D) એમ. સી. મહેતા વિરુદ્ધ કમલનાથ

74. Which notification under Environment Protection Act govern Environment Impact Assessment Process in India ?

(A) 1989 Rules

(B) 1991 Notification

(C) 2006 Notification

(D) 2020 Amendment Rules

75. Which of the following statement is true about the National Green Tribunal ?

(A) It only has advisory powers.

(B) It can take up cases even suo motu.

(C) Its orders are only recommendatory.

(D) It does not have appellate jurisdictions.

76. Which philosopher's work significantly influenced the modern notion of natural and inalienable Human Rights ?

(A) Karl Marx

(B) Thomas Hobbes

(C) John Locke

(D) Jeremy Bentham

74. પર્યાવરણ સંરક્ષણ ધારા હેઠળનું કયું જાહેરનામું ભારતમાં પર્યાવરણીય અસર આકારણીની પ્રક્રિયાનો વહિવટ કરે છે ?

(A) 1989 ના નિયમો

(B) 1991 નું જાહેરનામું

(C) 2006 નું જાહેરનામું

(D) 2020 નાં સુધારેલા નિયમો

75. રાષ્ટ્રીય હરિત પંચ અંગે નીચે આપેલા પૈકીનું કયું વિધાન સત્ય છે ?

(A) તે માત્ર સલાહકારી સત્તાઓ ધરાવે છે

(B) તે સ્વયં પ્રેરિત પણ કેસ દાખલ કરી શકે છે

(C) તેનાં હૂકમો માત્ર ભલામણને પાત્ર હોય છે

(D) તેની પાસે અપીલને લગતી હકૂમત રહેલ નથી

76. નીચે દર્શાવ્યા પૈકીના ક્યા તત્વચિંતકનાં કાર્ય દ્વારા પ્રાકૃતિક અને અવિભક્ત માનવ અધિકારોની આધુનિક વિચારસરણી ઉપર મહત્વપૂર્ણ રીતે પ્રભુત્વ પાડેલ છે ?

(A) કાર્લ માર્કસ

(B) થોમસ હોબ્સ

(C) જ્હોન લોક

(D) જેરેમી બેન્થામ

77. Read the Assertion (A) and Reason (R) and give the correct answer from the codes given below :

**Assertion (A)** : Universalism believes in a common set of rights applicable to all cultures.

**Reason (R)** : Cultural relativism denies the validity of international Human Rights norms.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) (A) is true, but (R) is false

(C) (A) is false, but (R) is true

(D) Both (A) and (R) are false

78. The International Bill of Rights include all the following except

(A) Universal Declaration of Human Rights (UDHR)

(B) International Covenant on Civil and Political Rights (ICCPR)

(C) Convention on Rights of Persons with Disabilities (CRPD)

(D) International Covenant on Economic, Social and Cultural Rights (ICESCR)

77. નીચે દર્શાવેલ હકારાત્મક વિધાન (A) અને કારણ (R) વાંચો અને તમારો સાચો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી શોધો.

હકારાત્મક વિધાન **(A)** : વિશ્વવાદ તમામ સંસ્કૃતિઓને લાગુ પડતાં સામાન્ય અધિકારોના સમુહમાં માન્યતા ધરાવે છે.

કારણ **(R)** : સાંસ્કૃતિક સાપેક્ષવાદ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના ધોરણોનો માન્યતાને નકારે છે.

વિકલ્પો :

(A) બન્ને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજુતી છે

(B) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(C) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

(D) બન્ને (A) અને (R) ખોટાં છે

78. આંતરરાષ્ટ્રીય અધિકારો સંગોનો ખરડો નીચેના તમામનો સમાવેશ કરે છે સિવાય કે...

(A) માનવઅધિકારનો વૈશ્વિક ઢંઢેરો (UDHR)

(B) દીવાની તથા રાજકીય અધિકારો અંગેનું આંતરરાષ્ટ્રીય સંમેલન (ICCPR)

(C) અપંગતા ધરાવતાં વ્યક્તિઓના અધિકારો અંગેનું સંમેલન (CRPD)

(D) આર્થિક, સામાજિક અને સંસ્કૃતિક અધિકારો અંગેનું આંતરરાષ્ટ્રીય સંમેલન (ICESCR)

79. The Convention on the elimination of all forms of Discrimination Against Women (CEDAW) was adopted in which year ?

(A) 1996

(B) 1979

(C) 1989

(D) 1993

80. Match List – I with List – II with their years of establishment using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. National Human Rights Commission | i. 1993 |
| b. National Commission for Women | ii. 1992 |
| c. National Commission for Minorities | iii. 2004 |
| d. National Commission for Backward Class | iv. 2006 |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | ii | iii | iv | i |
| (C) | iii | iv | ii | i |
| (D) | iv | ii | i | iii |

79. સ્ત્રીઓ વિરુદ્ધના તમામ પ્રકારના ભેદભાવો રદ કરવા અંગેનું સંમેલન (સી.ઈ.ડી.એ. ડબલ્યુ) ક્યા વર્ષમાં સ્વીકૃત કરવામાં આવ્યું હતું ?

(A) 1996

(B) 1979

(C) 1989

(D) 1993

80. નીચે આપેલ યાદી – I ને યાદી – II નાં સ્થાપનાના વર્ષ સાથે જોડો અને વિકલ્પોમાંથી સાચો જવાબ લખો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ | i. 1993 |
| b. સ્ત્રીઓ માટેનું રાષ્ટ્રીય પંચ | ii. 1992 |
| c. લઘુમતીઓ માટેનું રાષ્ટ્રીય પંચ | iii. 2004 |
| d. પછાત સમાજ માટેનું રાષ્ટ્રીય પંચ | iv. 2006 |

વિકલ્પો :

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | ii | iii | iv | i |
| (C) | iii | iv | ii | i |
| (D) | iv | ii | i | iii |

**81.** The patentable criteria of new invention, inventive step and capable of industrial applications are defined under which provisions of the Indian Patents Act, 1970 ?

(A) Section 2(1) (l), Section 2(1) (ja) and Section 2(1) (ac)

(B) Section 2(1) (j), Section 2(1) (ja) and Section 2(1) (ab)

(C) Section 2(1) (j), Section 2(1) (l) and Section 2(1) (ja)

(D) Section 2(1) (j), Section 2(1) (ja) and Section 2(1) (l)

**82.** As per the Indian Patents Act, 1970, a complete specifications must be filled within

(A) 6 months of filling the provisional specification

(B) 12 months of filling the provisional specification

(C) 18 months of filling the provisional specification

(D) 24 months of filling the provisional specification

**81.** ભારતીય પેટન્ટ અધિનિયમ 1970 ની નીચે દર્શાવ્યા પૈકીની કઈ કલમોમાં પેટન્ટ પ્રાપ્ત કરવાનાં માપદંડો – નવું સંશોધન સંશોધનાત્મક પગલું અને ઔદ્યોગિક વપરાશ માટે સમર્થતાની વ્યાખ્યાઓ અનુક્રમે આપવામાં આવેલી છે.

(A) કલમ 2(1) (એલ), કલમ 2(1) (જેએ) અને કલમ 2(1) (એસી)

(B) કલમ 2(1) (જે), કલમ 2(1) (જેએ) અને કલમ 2(1) (એબી)

(C) કલમ 2(1) (જે), કલમ 2(1) (એલ) અને કલમ 2(1) (જેએ)

(D) કલમ 2(1) (જે), કલમ 2(1) (જેએ) અને કલમ 2(1) (એલ)

**82.** ભારતીય પેટન્ટ અધિનિયમ 1970 હેઠળ પેટન્ટનું સંપૂર્ણ વિવરણ કેટલા સમયમાં રજુ કરવું ફરજીયાત છે ?

(A) કામચલાઉ વિવરણ જમા કરાવ્યાના 6 માસની અંદર

(B) કામચલાઉ વિવરણ જમા કરાવ્યાના 12 માસની અંદર

(C) કામચલાઉ વિવરણ જમા કરાવ્યાના 18 માસની અંદર

(D) કામચલાઉ વિવરણ જમા કરાવ્યાના 24 માસની અંદર

83. Which of the following is incorrect ?

(A) Section 9 of the Trade Marks Act, 1999 provides for "Absolute Grounds" for refusal of registration

(B) Section 11 of the Trade Marks Act, 1999 provides for 'Relative Grounds" for refusal of registration

(C) A mark shall not be registered as a trade mark, if its use is prohibited under the "Emblems and Names (Prevention of Improper Use) Act, 1950 as a relative ground for refusal of registration

(D) A trade mark which is identical with or similar to an earlier trade marks is a relative ground for refusal of registration

84. In which of the following case the "doctrine of sweat of the brow" was formulated ?

(A) Parry V. Morning and Gollance

(B) Mecmillan and Co. Ltd. V. V.K. and J. Cooper

(C) C. Cunniah and Co. V. Balraj and Co.

(D) University of London Press V. University Tutorial Press Ltd.

83. નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન ખોટું છે ?

(A) વ્યાપારચિહ્ન અધિનિયમ 1999 ની કલમ 9 દ્વારા નોધણીનો ઇન્કાર કરવા અંગે નિરપેક્ષ કારણો દર્શાવવામાં આવેલ છે

(B) વ્યાપારચિહ્ન અધિનિયમ 1999 ની કલમ 11 દ્વારા નોધણીનો ઇન્કાર કરવા અંગે સાપેક્ષ કારણો દર્શાવવામાં આવેલ છે

(C) કોઈ ચિહ્નને વ્યાપારચિહ્ન તરીકે નોધણી કરવામાં આવશે નહિ જો તેનો વપરાશ તેની નોધણીનો ઇન્કાર કરવા અંગેના સાપેક્ષ કારણોના લીધે પ્રતીકો અને નામો (અયોગ્ય વપરાશ પર પ્રતિબંધ) ધારા 1950 હેઠળ પ્રતિબંધિત હોય

(D) જો કોઈ વ્યાપારચિહ્ન અગાઉ નોંધાયેલ કોઈ વ્યાપારચિહ્ન ને સમાન યા મળતું આવતું હોય તો તે નોંધણીનો ઇન્કાર કરવા માટેનું સાપેક્ષ કારણ ગણશે

84. નીચે દર્શાવ્યા પૈકીના કયાં કેસમાં 'સ્વેટ એન્ડ બ્રો' નો સિદ્ધાંત તારવવામાં આવ્યો ?

(A) પેરી વિરુદ્ધ મોર્નિંગ ગોલાન્સ

(B) મેકમિલન એન્ડ કંપની વિરુદ્ધ વી. કે. એન્ડ જે. કુપર

(C) સી. કુનૈયાહ એન્ડ કંપની વિરુદ્ધ બલરાજ એન્ડ કંપની

(D) યુનિવર્સીટી ઓફ લંડન પ્રેસ વિરુદ્ધ યુનિવર્સીટી ટ્યુટોરીયલ પ્રેસ લી

85. John Doe Order in India is also known as

(A) Injunction Order

(B) Take Down Order

(C) DMCA Order

(D) Ashok Kumar Order

86. Which provision of the Biodiversity Act, 2002 discusses the functions and powers of National Biodiversity Authority ?

(A) Section 3

(B) Section 8

(C) Section 18

(D) Section 21

87. Strasbourg Convention, 1971 deals with

(A) European Patents Classification

(B) International Patents Classification

(C) Indian Patents Classification

(D) WIPO Patents Classification

88. In which year India became part of the Madrid Protocol for International Trademark Registration ?

(A) 2010

(B) 2011

(C) 2012

(D) 2013

85. ભારતમાં 'જ્હોન ડો. આદેશ' અન્ય ક્યા નામથી પણ ઓળખાય છે ?

(A) મનાઈ હકમ

(B) ઉતારી લેવા અંગે હૂકમ

(C) ડી.એમ.સી.એ. હૂકમ

(D) અશોક કુમાર હૂકમ

86. જૈન વિવિધતા અધિનિયમ 2002 ની નીચે દર્શાવ્યા પૈકીની કઈ જોગવાઈ રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળના કાર્યો અને સત્તાઓ અંગે ચર્ચા કરે છે

(A) કલમ 3

(B) કલમ 8

(C) કલમ 18

(D) કલમ 21

87. 1971 નું સ્ટાર્સબર્ગ સંમેલન કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) યુરોપિયન પેટન્ટ અંગે વર્ગીકરણ

(B) આંતરરાષ્ટ્રીય પેટન્ટ અંગે વર્ગીકરણ

(C) ભારતીય પેટન્ટ અંગે વર્ગીકરણ

(D) વાઈપો પેટન્ટ અંગે વર્ગીકરણ

88. ભારત ક્યા વર્ષમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારચિહ્નની નોંધણી અંગેના મેડ્રિડ પ્રોટોકોલનો ભાગ બન્યું ?

(A) 2010

(B) 2011

(C) 2012

(D) 2013

89. As per the provisions of Section 78 of the Information Technology Act, 2000, a police officer not below the rank of ___________ shall investigate any offence under this Act.

(A) Head Constable
(B) Sub-Inspector
(C) Inspector
(D) Commissioner of Police

90. Match the following in the light of the provisions of the Information Technology Act, 2000.

| List – I (Legal Provisions) | List – II (Contents) |
|---|---|
| a. Section 65 | 1. Punishment for identity theft |
| b. Section 66 (C) | 2. Punishment for publishing or transmitting sexually explicit material |
| c. Section 66 (F) | 3. Tampering with computer source documents |
| d. Section 67 (A) | 4. Punishment for cyber terrorism |

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 4, b – 3, c – 1, d – 2
(C) a – 3, b – 1, c – 4, d – 2
(D) a – 2, b – 3, c – 4, d – 1

89. માહિતી તકનીકી અધિનિયમ 2000 ની કલમ 78 હેઠળ ________ ના હોદ્દાથી નીચે ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા જ આ કાયદો હેઠળ નોંધાયેલા ગુનાની તપાસ કરવામાં આવશે.

(A) હેડ કોન્સ્ટેબલ
(B) સબ – ઇન્સ્પેક્ટર
(C) ઇન્સ્પેક્ટર
(D) પોલિસ કમિશ્નર

90. માહિતી તકનીકી અધિનિયમ, 2000 ના સંદર્ભમાં નીચે આપેલાં જોડકાં જોડો.

| યાદી – I (કાનૂની જોગવાઈઓ) | યાદી – II (વિગતો) |
|---|---|
| a. કલમ 65 | 1. ઓળખની ચોરી કરવા બદલ સજા |
| b. કલમ 66 – સી | 2. અશ્લિલ સાહિત્યને પ્રસિદ્ધ કરવા અથવા તેનું પ્રસારણ કરવા બદલ સજા |
| c. કલમ 66 – એફ | 3. કોમ્પ્યુટરના સ્રોતના દસ્તાવેજો સાથે ચેડાં કરવા |
| d. કલમ 67 – એ | 4. સાઈબર આતંકવાદ બદલ સજા |

વિકલ્પો :

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 4, b – 3, c – 1, d – 2
(C) a – 3, b – 1, c – 4, d – 2
(D) a – 2, b – 3, c – 4, d – 1

91. What is the obstacle in the study of comparative law ?

(A) Difference in legal system

(B) Model of Government

(C) Cultural difference

(D) The climate of the Nation

92. Which is NOT the feature of Federalism ?

(A) Dual polity

(B) Separation of power

(C) Written Constitution

(D) Rigid process for amendment in Constitution

93. **Assertion (A)** : Independence of the judiciary is the feature of federalism.

**Reason (R)** : It prevents interference in the function of judiciary.

(A) Both are correct, but (R) is not the correct explanation of (A)

(B) (A) is correct, but (R) is incorrect

(C) Both are correct and (R) is the correct explanation of (A)

(D) (A) is incorrect, but (R) is correct

91. તુલનાત્મક કાયદાના અભ્યાસમાં કઈ બાબત વિઘ્નરૂપ છે ?

(A) કાનૂની પદ્ધતિમાં રહેલ તફાવત

(B) સંસ્કારનું સ્વરૂપ

(C) સંસ્કૃતિક તફાવતો

(D) રાષ્ટ્રની આબોહવા

92. નીચે દર્શાવેલ પૈકીનું કયું સમવાયીતંત્રનું લક્ષણ ગણવામાં આવતું નથી ?

(A) દ્વિપક્ષીય રાજ્ય વ્યવસ્થા

(B) સત્તાનું વિભાજન

(C) લેખિત બંધારણ

(D) બંધારણમાં સુધારા કરવા અંગેની જટિલ પ્રક્રિયા

93. હકારાત્મક વિધાન **(A) :** ન્યાયિક સ્વતંત્રતા એ સમવાયતંત્રનું લક્ષણ છે.

કારણ **(R) :** તે ન્યાયતંત્રની કામગીરીમાં હસ્તક્ષેપ અટકાવે છે.

(A) બન્ને સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજુતી નથી.

(B) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(C) બન્ને સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજુતી છે

(D) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

94. The Presidential Form of government is based on

(A) The separation between Judiciary and Legislature

(B) The separation between Executive and Judiciary

(C) The separation between Executive and Legislature

(D) The separation between Executive, Judiciary and Legislature

95. Who said that India is NOT quasi-federalism, rather it is based on federalism ?

(A) K. C. Wheare

(B) Granville Austin

(C) H. M. Seevai

(D) Prof. David S. Law

96. Who is the Proponent of "formal rule of law" ?

(A) Mark Tushnet

(B) Joseph Raz

(C) Justice Blackburn

(D) Salmond

94. સરકારનું પ્રમુખશાહી સ્વરૂપ શાના ઉપર આધારિત છે ?

(A) ન્યાયપાલિકા અને સંસદ વચ્ચે વિભાજન

(B) કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચે વિભાજન

(C) કાર્યપાલિકા અને સંસદ વચ્ચે વિભાજન

(D) કાર્યપાલિકા, ન્યાયપાલિકા અને સંસદ વચ્ચે વિભાજન

95. એવું કથાન કોને કરેલું કે ભારત અર્ધ સમવાયતંત્રી નથી પરંતુ તે સમવ્યતંત્ર પર આધારિત છે ?

(A) કે.સી. વ્હેર

(B) ગ્રેનવિલે ઓસ્ટિન

(C) એચ. એમ. સિરવઈ

(D) પ્રોફેસર ડેવિડ એસ. લો

96. ઓપચારિક કાયદાના શાસનને ઓળખાવનાર તરીકે કોણ ગણવામાં આવે છે ?

(A) માર્ક ટશનિટ

(B) જોસેફ રેઝ

(C) જસ્ટિસ બ્લેકબર્ન

(D) સામંડ

97. Who is the Proponent of the "substantive rule of law" ?

(A) Salmond

(B) A. V. Dicey

(C) Carl Schmitt

(D) Ronald Dworkin

98. Which country follows the "Constitutional Council System" for the Constitutional review ?

(A) Switzerland

(B) France

(C) USA

(D) India

99. Which Article of the Constitution of USA discuss amendment in the Constitution ?

(A) Article IV (B) Article V

(C) Article VI (D) Article VII

100. Which Act of the Parliament of the United Kingdom has established the Supreme Court of UK ?

(A) Constitutional Reform Act, 2005

(B) Supreme Court Act, 2005

(C) Constitutional Reform Act, 2007

(D) Supreme Court Act, 2007

97. 'સંજ્ઞાત્મક કાયદાના શાસન' નાં ઓળખાવનાર તરીકે કોણે ગણવામાં આવે છે ?

(A) સામંડ

(B) એ.વી. ડાઈસી

(C) કાર્લ શાનિટ

(D) રોનાલ્ડ ડવોર્કિન

98. નીચે દર્શાવ્યા પૈકી ક્યા દેશ દ્વારા બંધારણીય પુનરાવલોકાન માટે 'બંધારણીય સમિતિની પદ્ધતિ' નું પાલન કરવામાં આવે છે ?

(A) સ્વિટઝર્લેન્ડ

(B) ફ્રાંસ

(C) યુ.એસ.એ.

(D) ભારત

99. યુ.એસ.એ. ના બંધારણનો કયો અનુચ્છેદ બંધારણમાં સુધારા અંગેની જોગવાઈ કરે છે ?

(A) અનુચ્છેદ IV (B) અનુચ્છેદ V

(C) અનુચ્છેદ VI (D) અનુચ્છેદ VII

100. યુનાઈટેડ કિંગ્ડમની સંસદના કયા કાયદાના આધારે યુ.કે.ની સર્વોચ્ચ અદાલતની સ્થાપના કરવામાં આવેલ છે ?

(A) બંધારણીય સુધારા અધિનિયમ, 2005

(B) સર્વોચ્ચ અદાલત અધિનિયમ, 2005

(C) બંધારણીય સુધારા અધિનિયમ, 2007

(D) સર્વોચ્ચ અદાલત અધિનિયમ, 2007

**Space for Rough Work**